# અમૃતનું આચમન



શ્રી રાજના તેજોદીપ

૧ સંસ્કાર
૨ શાલીનતા
૩ સુપુત્ર
૪ સુવાંચન
૫ સદાચાર
૬ સમજદારી
૭ સાહિત્ય શોખ
૮ શિસ્ત
૯ સ્વાશ્રય
૧૦ સંયમ
૧૧ સંકટ મોચન
૧૨ સકારાત્મકતા
૧૩ શ્રધ્ધા
૧૪ શુધ્ધતા
૧૫ સિધ્ધાંત
૧૬ સમર્પણ
૧૭ સંતત્વ
૧૮ સમતા
૧૯ સુધારક
૨૦ સેવા
૨૧ શાસ્ત્ર
૨૨ સખાભાવ
૨૩ સન્યાસ
૨૪ સત્સંગ

# અમૃતનું આચમન

# ૐમાૐ



## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નંબર |
| --- | --- | --- |
| | મંગલ પ્રવેશ | ૧ |
| (૧) | સંસ્કાર | ૨ |
| (૨) | શાલીનતા | ૩ |
| (૩) | સુપુત્ર | ૪ |
| (૪) | સુવાંચન | ૫ |
| (૫) | સદાચાર | ૬ |
| (૬) | સમજદારી | ૭ |
| (૭) | સાહિત્ય શોખ | ૮ |
| (૮) | શિસ્ત | ૯ |
| (૯) | સ્વાશ્રય | ૧૦ |
| (૧૦) | સંયમ | ૧૧ |
| (૧૧) | સંકટ મોચક | ૧૨ |
| (૧૨) | સકારાત્મકતા | ૧૩ |
| (૧૩) | શ્રધ્ધા | ૧૪ |
| (૧૪) | શુધ્ધતા | ૧૫ |
| (૧૫) | સિધ્ધાંત | ૧૬ |

| ક્રમ | વિષય | પાન નંબર |
|---|---|---|
| (૧૬) | સમર્પણ | ૧૭ |
| (૧૭) | સંતત્વ | ૧૮ |
| (૧૮) | સમાનતા | ૨૦ |
| (૧૯) | સુધારક | ૨૧ |
| (૨૦) | સેવા | ૨૨ |
| (૨૧) | શાસ્ત્ર | ૨૩ |
| (૨૨) | સખાભાવ | ૨૪ |
| (૨૩) | સન્યાસ | ૨૫ |
| (૨૪) | સત્સંગ | ૨૬ |
| (૨૫) | દિવ્ય દ્રષ્ટિ | ૨૭ |
| (૨૬) | નિજાનંદ | ૩૫ |
| (૨૭) | શબ્દ-પુષ્પની પાંખડીયો | ૪૮ |

# મંગલ પ્રવેશ

એક ગુરુભક્ત દ્વારા પરમપૂજ્ય બહેનજીના સહયોગ, માર્ગદર્શન, અને આશીર્વાદથી **"અમૃતનું આચમન"** પુસ્તક તૈયાર થયું છે. જે સર્વને માટે અનુકરણીય અને ઉદાહરણીય છે.

આ પ્રત્યેક તેજોદીપ માટે પૂજ્યશ્રીએ આશિર્વચન સ્વરુપ પોતાનો સંદેશો ભક્તો માટે આપ્યો છે. જે પૂજ્યશ્રીના વ્યક્તિત્વનો દિવ્યપ્રસાદ છે.

શ્રી રાજના આ દિવ્ય પ્રસાદના સંકલનની સાથે નિજાનંદ અને દિવ્ય દ્રષ્ટિ સહુ ભક્તો માટે પૂજ્યશ્રીની ચિરસ્મરણીય અમૂલ્ય કૃપા છે. જેનું રસપાન દરેક ભક્તો નિયમિત કરે એવી આશા સાથે આનુ સંકલન કર્યું છે.

**ૐમાૐ**

# સંસ્કાર

પુજ્યશ્રીનો સંદેશ,

માનવ જીવનમાં બીજ રૂપે રહેલા સદ્ગુણો અને સત્યાચરણને અંકુરિત કરવા, સંવર્ધન કરવા, વિકસાવવામાં આત્મીયજનો, સ્નેહીજનો, સ્વજનો, શાસ્ત્રોના સહવાસથી તેઓના વાણી, વર્તન, વ્યવહારનું અવલોકન, અનુસરણ અને યોગ્ય આચરણ કરવાથી વ્યક્તિમાં સુસંસ્કારના બીજ વટવૃક્ષ બની શકે છે.

ૐમાૐ

## તેજો દીપ -(૨)

# શાલીનતા

પૂજ્યશ્રીનો સંદેશ,

શાલીનતા માનવ જીવનનો એક સદ્‌ગુણ છે. જે વ્યક્તિના વ્યક્તિત્વમાંથી નીકળે છે. સ્વભાવની નમ્રતા, તટસ્થતા, વિવેક, વાણી, વર્તન, વ્યવહારમાં સહજપણે નીકળતી સ્પષ્ટતા, સરળતા, સહજતા અને સંસ્કારીતાનું દર્શન થતું રહે, અનુભવાતું રહે. સકારાત્મકતા અને સાત્વિકતા - શાલીનતાના આભૂષણો છે.

**ૐમાૐ**

# સુપુત્ર

પૂજ્યશ્રીનો સંદેશ,

દાંપત્ય જીવનમાં માતા-પિતાને માતૃત્વ-પિતૃત્વ પ્રદાન કરતું, ગૃહસ્થાશ્રમના ઉદ્યાનનું મઘમઘતું, આનંદ પ્રસરાવતું પુષ્પ એટલે સંતાન - સુપુત્ર. માતા - પિતા અને કુટુંબના સંસ્કાર વારસાને માન આપે, અપનાવે, દીપાવે અને સંસ્કારની સરિતાને પરિવારમાં વહેતી રાખવાનું દાયિત્વ શોભાવે તે મારી દ્રષ્ટિએ સુપુત્ર કહી શકાય. માતા-પિતા પ્રથમ ગુરુ વડીલ અને આત્મજ છે તેવો ભાવ, અને આદર સુપુત્રના વાણી વર્તન વ્યવહારમાં સદાય જીવંત રહેવો જોઈએ.

ૐમાૐ

# સુવાંચન

પૂજ્યશ્રીનો સંદેશ,

માનવ જીવનનો સર્વાંગી વિકાસ કરી શકે, એના આદર્શો, રસ, રુચિ અને કળાને પ્રોત્સાહિત કરી શકે, પોષી શકે, પ્રેરી શકે તેવું સાત્વિક, સકારાત્મક, જ્ઞાનસભર, સદ્ગુણો વિકસાવતું ધાર્મિક અને આધ્યાત્મિક વાંચન જ સુવાંચન કહી શકાય. સુવાંચન થી વિવેક જાગૃત થાય અને વાંચનના મર્મને સમજવાની, મનન, ચિંતન કરવાની અને આચરણમાં મુકવાની પ્રેરણા પ્રદાન કરી શકે. જીવનમાં સાત્વિક મૂલ્યોનું સંમાર્જન કરે તેવા વાંચનને પ્રાધાન્ય આપવું જોઈએ.

ૐમાૐ

## તેજો દીપ -(૫)

# સદાચાર

પૂજ્યશ્રીનો સંદેશ,

સાત્વિક, સકારાત્મક, સરળ અને સહજ રીતે વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહારમાંથી વહેતું વિવેકયુક્ત આચરણ એટલે સદાચાર. માનવ મનમાં સકારાત્મક અને નકારાત્મક એમ બે પ્રકારના સંસ્કાર બીજ રૂપે રહેલા છે. ઉંમર, સમય અને વાતાવરણની અસરથી આ સંસ્કાર બીજ વિકસે છે. સાત્વિક વાતાવરણ, સુસંસ્કાર, સત્સંગ, સુવાંચન અને સદગુણના સાનિધ્યથી આપણા અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં સુસંસ્કારનું સિંચન થાય છે. આપણામાં દિવ્યતાનો ઉઘાડ થાય છે. ઉજાસ પથરાય છે. જેના થકી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધે છે.

ધર્મ અને આધ્યાત્મિક જીવનના વિકાસ માટે સદાચારને જીવનમાં પ્રાથમિકતા આપવી જરૂરી છે.

**ૐમાૐ**

## તેજો દીપ -(૬)

# સમજદારી

પૂજ્યશ્રીનો સંદેશ,

તટસ્થભાવે, વિવેકયુક્ત રીતે, પોતાની જાતને પોતાના સદ્‌ગુણો અને દુર્ગુણોને સમજવાની, મુલવવાની ક્ષમતા વ્યક્તિમાં હોય છે. અન્યના વાણી વર્તન વ્યવહારમાં હૃદયના સાત્વિક ભાવ, કટુતા, નકારાત્મકતા પારખવાની વિવેકયુક્ત સમજ, ક્ષમતા અને તીક્ષ્ણ બુધ્ધિ હોય ત્યારે જ વ્યક્તિ નીર અને ક્ષીરનો ભેદ પારખી શકે. સુખ- દુ:ખ, હતાશા - નિરાશામાં આત્મીયભાવે, સહહૃદયતાથી, સહભાગી બની સુખની ક્ષણોને વિકસાવવી અને દુ:ખની ક્ષણોને હળવી કરવા કે હટાવવા, નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવો તે જ સાચી સમજદારી છે.

સમજદારીમાં અહ્‌મ, પૂર્વગ્રહો, અભિગ્રહો અને અપેક્ષાઓને સ્થાન નથી જ. નિ:સ્વાર્થ ભાવે, સહૃદયતાથી, આત્મિય ભાવથી અન્યના મનોવલણને સમજવાનો, મૂલવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**ૐમાૐ**

# સાહિત્ય શોખ

પૂજ્યશ્રીનો સંદેશ,

સાહિત્ય એક ઘેરો, ઊંડો મહાન સાગર છે. વિવિધતામાં એકતાનો સંદેશ છે. આ સાહિત્ય સાગરને માણવા જિજ્ઞાસુઓ વિવિધ રીતે તેમનો શોખ, આનંદ, શીતળતા પ્રાપ્ત કરવા સાહિત્ય સાગરનો આશ્રય કરે છે. કોઈ સાગર કિનારે છબછબિયા કરે છે, કોઈ સાગર ખેડુ બને છે. કોઈ મરજીવા બની મોતી અને અમૂલ્ય ખજાનો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે.

વ્યક્તિગત, સામાજિક, માનસિક,બૌદ્ધિક અને આધ્યાત્મિક સર્વાંગી જ્ઞાનનો વિકાસ કરવા માટે સાહિત્ય અને સત્સંગનો સતત સંપર્ક જરૂરી છે. સાહિત્ય શોખથી જ સર્જનાત્મક શક્તિ વિકસાવી શકાય છે. વિવેક જાગૃત કરી શકાય છે. સાહિત્ય શોખ જીવનના ઉદયથી જ પોષવો જોઈએ.પ્રોત્સાહિત કરવો જોઈએ અને જીવનના અસ્ત સુધી સાહિત્ય શોખની લાલીમાં વર્તાતી રહેવી જોઈએ. સાત્વિક, સકારાત્મક, સર્જનાત્મક, સેવાસભર સાહિત્ય શોખ, માનવને મહામાનવ, સંત, સદ્‌ગુરુ, રાષ્ટ્ર ભક્ત, દેશભક્ત, વિશ્વ માનવ બનાવી શકે છે. એ માટે પુરુષાર્થના દીપકને સદાય પ્રજવલિત રાખતા રહેજો.

**ૐમાૐ**

## તેજો દીપ -(૮)

# શિસ્ત

પૂજ્યશ્રીનો સંદેશ,

શિસ્ત એ માનવના મનનો સદ્‌ગુણ છે. જે વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહાર દ્વારા પ્રદર્શિત થાય છે. અનુભવાય છે. વિવેકનું ઈંધણ પૂરતા રહેવાથી શિસ્તનો સૂર્ય સદાય પ્રકાશિત થતો રહે છે. શિસ્ત, સાત્વિક, સકારાત્મક મનની પેદાશ છે. સમય અને સંયમ શિસ્તના સાથીદાર છે.

જીવન યાત્રાના દરેક આયામો, અરમાનોને, આયોજનોને, સમયસર સફળ અને સંપૂર્ણ કરવા માટે જીવનમાં શિસ્ત પાયાની જરૂરીયાત છે. ભૌતિક, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ અને સફળતા માટે વિવેક સભર શિસ્ત આવશ્યક છે. બાળકના મનના ઘડતર, ચણતર અને સંવર્ધન માટે વાણી, વતર્ન, વ્યવહારમાં શિસ્તનું આચરણ કરવું અનો કરાવવું જરૂરી છે બાળકો અનો વડીલો વાતાવરણમાંથી જ શીખે છે. અનુકરણ કરે છે. શિસ્તબદ્ધ, સરળ, સાત્વિક સમાજ નિર્માણ માટે, રાષ્ટ્રના ઉત્કર્ષ માટે, ધર્મ અને આધ્યાત્મના વિકાસ માટે શિસ્ત સભર વ્યક્તિત્વ વિકસાવવું જરૂરી છે.

**ૐમાૐ**

## તેજો દીપ -(૯)

# સ્વાશ્રય

પૂજ્યશ્રીનો સંદેશ,

સ્વાશ્રય - સ્વ+આશ્રય. (આધાર)

આપણી જીવન યાત્રાને સફળતા પૂર્વક સુઆયોજિત લક્ષ્ય સુધી પહોંચાડવા માટે આપણે તટસ્થ ભાવે શિસ્તના આગ્રહી બની આત્મ નિર્ભર બનવું જરૂરી છે. આપણા દૈનિક કાર્યો, તન, અને મનથી બની શકે તેવા જાતે જ કરવાથી આપણી આત્મશક્તિ વિકસિત થાય છે. રચનાત્મક કાર્ય પધ્ધતિનો રાહ મોકળો બનતો જાય છે. સ્વાશ્રયી સ્વભાવ કેળવવાથી આપણી તન, મન અને આત્માની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. વિચારોને સંકલ્પબદ્ધ અને આચરણબદ્ધ બનાવી શકાય છે.

સ્વાશ્રયના સંસ્કાર બાળકોના ઉછેરનો એક અગત્યનો ભાગ બનાવી દેવામાં માત-પિતા અને ઘરના સભ્યોનું યોગદાન જરૂરી બની રહે છે. આત્મ નિર્ભરતા માટે સ્વાશ્રય પાયાની પગ થી બની રહેવી જોઈએ.

**ૐમાૐ**

# સંયમ

પૂજ્યશ્રીનો સંદેશ,

માનવ જીવનમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે સંયમયુક્ત જીવન જરૂરી છે. મનના અશ્વની લગામ આત્મારૂપી સારથીના હસ્તમાં રાખવામાં આવે તો મનના વિચારો, આશાઓ, ઈચ્છાઓ, અપેક્ષાઓને નિયંત્રણમાં રાખી શકાય અને યોગ્ય સાત્વિક, સકારાત્મક રાહ પર વાળી શકાય.

સંયમને ત્યાગ અને વૈરાગ્યની લક્ષ્મણ રેખાથી આવૃત કરવામાં આવે તો આંતર બાહ્ય વિકારો તેને સ્પર્શી શકશે નહીં. તન, મન, ધન,ધર્મ અને ફરજના તથા સુસ્વાસ્થ્યના નિયોજન અને સુખ શાંતિ માટે સંયમ જરૂરી છે.

ૐમાૐ

## તેજો દીપ -(૧૧)

# સંકટ મોચક

પૂજ્યશ્રીનો સંદેશ,

સંકટ, વિઘ્નો, અડચણોને દુર કરવાની, હટાવવાની, મિટાવવાની, હળવી કરવાની ક્ષમતા, શક્તિ ધરાવનાર, સાત્વિકતાથી સભર વ્યક્તિ, સંકટમોચક, વિઘ્નહર્તા કહી શકાય.

ગણપતિદાદા સંકટમોચક દેવ છે. શુભ કાર્યો વિના વિઘ્ને પરિપૂર્ણ થાય તે હેતુથી પ્રથમ ગણપતિની સ્થાપના, આરાધના, પ્રાર્થના કરવામાં આવે છે. સંકટમોચક એ નિઃસ્વાર્થ સેવાનો એક પ્રકાર છે. જીવન યાત્રા દરમિયાન આવતા સંકટો, અડચણો, અવરોધોને આત્મીયભાવથી હળવા કરવાની, હટાવવાની, અટકાવવાની ક્ષમતા કેળવવા માટે સદ્‌ગુણો જેવા કે દયા, કરુણા, સેવા, પરોપકાર વગેરે કેળવવા જરૂરી છે. સાત્વિક સંતો, સદ્‌ગુરુ, સહૃદયી વ્યક્તિનો સાથ, સહકાર, સત્સંગ અને આશીર્વાદથી વિઘ્નો, અડચણો હટી જાય છે. હળવા થાય છે.

**ૐમાૐ**

## તેજો દીપ -(૧૨)

# સકારાત્મકતા

પૂજ્યશ્રીનો સંદેશ,

તન, મન, અને આધ્યાત્મિક શક્તિના ઉત્કર્ષ અને વિકાસ માટે વિવેકસભર સકારાત્મક વલણ, વિચાર અને વ્યવહાર જરૂરી છે. સકારાત્મક વૃત્તિ ધરાવવાથી પરમની જડચેતન સૃષ્ટિના દરેક પદાર્થમાંથી સારપ એટલે કે સારું, ઉપયોગી શીખવા લાયક ગ્રહણ કરી શકાય. સકારાત્મક વલણથી જ્ઞાનની, ઉપાસનાની, ક્ષિતિજો વિસ્તરતી જાય છે. સદ્‌ગુણોનો વ્યાપ વધતો જાય છે.

નીર ક્ષીરનો વિવેક રાખવો જરૂરી છે. બધું જ પીળું સોનું નથી હોતું તેથી બધી પરિસ્થિતિમાં પ્રસંગોમાં, વ્યવહારોમાં ન્યાય સભર સકારાત્મકતા દાખવવી જોઈએ.

**ૐમાૐ**

# શ્રધ્ધા

પૂજ્યશ્રીનો સંદેશ,

પરમાત્માના પવિત્ર પ્રેમનો દરવાજો તો શ્રદ્ધાના સથવારે જ ખોલી શકાય છે. આધ્યાત્મિક ઉત્કર્ષનું પ્રથમ સોપાન શ્રદ્ધાથી જ શરૂ થાય છે. ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા, શરણાગતિ, સત્સંગ, સેવા, સ્વાધ્યાય, પ્રાર્થના, ઉપાસના વગેરે સકારાત્મક, સાત્વિક આયામો પરમની પ્રાપ્તિના આધાર સ્તંભો છે.

શ્રદ્ધા આપણી આત્મિક શક્તિનું અવિરત વહેતું ઝરણું છે. શ્રદ્ધા આપણા કર્મ અને ધર્મનો આત્મા છે. આત્મિક વિકાસની ક્ષિતિજો વિસ્તારવા માટે શ્રદ્ધાનો દીપક સદાય પ્રજ્વલિત રાખીએ.

ૐમાૐ

# શુદ્ધતા

પૂજ્યશ્રીનો સંદેશ,

માનવ જીવનનું પરમ લક્ષ્ય પૂર્ણત્વની પ્રાપ્તિ જ છે. હૃદયના શુધ્ધ ભાવથી જ પરમની પરિધિમાં પ્રવેશ પામી શકાય છે. આપણું આંતર બાહ્ય નિતાંત શુધ્ધ રાખવા માટે આત્મસંયમ જરૂરી છે. મન, ઈન્દ્રિઓને આત્માના નિયંત્રણમાં રાખવાથી વિકારો, એષણાઓ ને નિયંત્રણમાં રાખી શકાય છે. આત્મસંયમથી આપણી આત્મક્તિને સદાય સતેજ રાખી શકાય છે.

સત્સંગ, સ્વાધ્યાય, સેવાથી આપણે પરમચેતના સાથે સદાય જોડાયેલા રહેવાથી પરમની કૃપાશિષના વારિથી આપણે ભીંજાતા રહી શુદ્ધતા પ્રાપ્ત કરીએ અને કરતા રહીએ.

**ૐમાૐ**

## તેજો દીપ -(૧૫)

# સિદ્ધાતં

પૂજ્યશ્રીનો સંદેશ,

જીવનમાં વ્યક્તિગત, સામાજિક,આર્થિક કે આધ્યાત્મિક, સિદ્ધિ, સફળતા પ્રાપ્ત કરવી હોય તો જીવનમાં અમુક સકારાત્મક આદર્શ, શિસ્ત, નિયમો, મનોબળ, આત્મશક્તિને ગતિશીલ કરવાની આવશ્યકતા છે.

જીવનમાં સાત્વિક, સકારાત્મક, ઘડતર, ચણતર, અને ગણતર માટે વિવેકયુક્ત સિદ્ધાંતની આવશ્યકતા છે. જીવનને સંયમથી શણગારવું હોય તો અમુક વ્રત નિયમ લેવામાં આવે છે. અને આ વ્રત નિયમને વળગી રહીએ, પાલન કરીએ ત્યારે એ આપણા જીવનનો સિદ્ધાંત બની જાય છે. વ્યક્તિગત, રાષ્ટ્રીય હિતની રક્ષા માટે, ઉત્કર્ષ માટે, અન્યના બચાવ માટે આપણા સિદ્ધાંતોમાં બાંધ છોડને અવકાશ રહેવો જોઈએ. સિદ્ધાંતોના આચરણ માટે દ્રઢ મનોબળ, આત્મશક્તિ અને સંયમ જરૂરી છે.

ૐમાૐ

# સમર્પણ

પૂજ્યશ્રીનો સંદેશ,

શ્રદ્ધા અને વિશ્વાસના પાયા પર જ સમર્પણની ઈમારત ચણી શકાય. દાંપત્ય જીવનમાં ગૃહસ્થાશ્રમની સફળતા, સુખ અને શાંતિની સુવાસ પ્રસરાવવા માટે સમર્પણમાં સેવા, સહૃદયતા, સંવાદિતા અને સમતા ભાવ જરૂરી છે. આધ્યાત્મિક ઉત્કર્ષ માટે સદગુરુજીના આદેશો, આદર્શોનો અક્ષર સહ, વિવાદ કે સંશય વગર પાલન કરવું. આજ્ઞાંકિત તથા વિનમ્રતા, વિનય, વિવેક વગેરે સમર્પણની ભાવનાનો શણગાર છે.

આપણા કાર્યક્ષેત્રમાં આપણા વ્યવસાયના ઉત્કર્ષ અને વિકાસ માટે, આપણાં આત્મ સંતોષ માટે આપણી સમય, શક્તિ અને બુદ્ધિને સંપૂર્ણ તથા નિષ્ઠાપૂર્વક ઉપયોગમાં લઈ ને દરેક કાર્યને સફળતાના શિખર ઉપર પહોંચાડીએ તેમાં પણ સમર્પણ ભાવ રહેલો છે.

ૐમાૐ

# સંતત્વ

પૂજ્યશ્રીનો સંદેશ,

સંતત્વને સમજવા, શણગારવા, મહેંકાવવા માટે પ્રથમ તો માનવતાના મહારથી બનવું પડે. માનવીય ગુણોને વિકસાવવા પડે.

શ્રી નરસિંહ મહેતાનું ભજન "વૈષ્ણવજન" માં સંતત્વના માનવતાના સઘળા ગુણો વર્ણવવામાં આવ્યા છે. દરેક વ્યક્તિમાં સદ્‌ગુણો અને દુર્ગુણો, સકારાત્મકતા અને નકારાત્મકતાનું પ્રમાણ વત્તા-ઓછા પ્રમાણમાં હોય જ છે. સૂક્ષ્મ શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, અંહકાર જન્મો જન્મના સંસ્કારો વ્યક્તિના જન્મની સાથે જોડાયેલા હોય છે. સાત્વિક સંસ્કારોથી સદ્‌ગુણોનો વ્યાપ વધે છે. વ્યક્તિના વ્યક્તિત્વમાં સંતત્વના દર્શન થતા રહે.

સંતત્વ માટે વિવેકાનંદ કહે છે. કે "જેનું હૃદય દુઃખી દરિદ્ર માટે દ્રવે છે. તે સાચો મહાત્મા છે." જેઓ પોતાના માટે જીવે છે તે પશુતા છે. જેઓ બીજા માટે જીવે તે માનવતા છે. જેઓ બીજા ને ત્રાસ આપી આનંદ કરે છે તે દાનવતા કહેવાય.

માનવતાના ગુણને વિકસાવી નિઃસ્વાર્થ સેવાના સથવારે લોકહૃદયમાં સ્થાન અંકિત કરી પરમાત્માના પ્યારા બાળક બનીએ. પરમના પ્યારા ફીરસ્તા બની સાત્વિક સૃષ્ટિ અને વિકાસના કાર્યોમાં સહભાગી બનીએ.

સંતત્વને શોભાવવા માટે પરમનું સતત સ્મરણ, સાનિધ્ય, સત્સંગ અને સાધનાનો નિયમ જાળવી રાખવો જરૂરી છે. જેથી પરમની, પ્રેરણા, પ્રકાશ, માર્ગદર્શન મળી રહે.

**ૐમાૐ**

## તેજો દીપ -(૧૮)

# સમતા

પૂજ્યશ્રીનો સંદેશ,

હૃદયમાંથી વહેતું સાત્વિક અને સંવેદનાસભર મીઠું ઝરણું છે સમતા.

પ્રેમભક્તિનો પરિમલ આ ઝરણાને સદાય સેવાથી સુવાસિત રાખે છે.

સદ્‌ગુણી, સેવાભાવી, નીતિયુક્ત, સરળ સ્વભાવમાં જ સમતાભાવ જાગી શકે. માનવતાના મૂલ્યોને સમજનાર, અપાવનાર વ્યક્તિ દરેક વ્યક્તિમાં આત્મિય ભાવ અનુભવી શકે છે.

બીજાના દુઃખ દૂર કરવા, નિસહાયને સહાય કરવા, જ્ઞાતિ, જાતિ, ધર્મનો ભેદ સમતા સભર વ્યક્તિને નડતા નથી.

વિશ્વબંધુત્વની ભાવના વ્યક્તિના સમતાભાવને પુષ્ટ કરે છે.

ૐમાૐ

## તેજો દીપ -(૧૯)

# સુધારક

પૂજ્યશ્રીનો સંદેશ,

સર્વજન સુખાય, સર્વજન હિતાય, સમય, શક્તિ અને નાણાનો વધારેમાં વધારે ઉપયોગ, વિકાસની ક્ષિતિજોને આંબવા માટે, જૂની ઘરેડમાં બદલાવ લાવવા માટે કાર્ય પદ્ધતિમાં, સમજણમાં, કુરિવાજોમાં અને માન્યતાઓમાં સરળતા લાવવા માટે સુધારો કરવાની આવશ્યકતા વર્તાય છે. જ્ઞાની, અનુભવી, પ્રતિષ્ઠિત હોદ્દેદાર, સંવેદનશીલ વ્યક્તિ, આત્મિક અને આધ્યાત્મિક ઉન્નતિ ધરાવતી વ્યક્તિ સમાજ અને રાષ્ટ્રની તેમજ સંસ્કાર અને સંસ્કૃતિના પરિમાર્જન માટે ચીલા ચાલુ પદ્ધતિમાં બદલાવ લાવી શકવા સક્ષમ હોય છે. લાંબે ગાળે સુધાર બદલાવની અસર વર્તાય, ફાયદો થતો અનુભવાય ત્યારે સુધારકનું સ્થાન લોક હૃદયમાં અંકિત થઈ જાય છે.

**ૐમાૐ**

## તેજો દીપ -(૨૦)

# સેવા

પૂજ્યશ્રીનો સંદેશ,

સેવાનો મર્મ સમજીને પોતાની શક્તિ, સામર્થ્યને સમજીને નિષ્કામ ભાવે નૈતિક મૂલ્યોને અપનાવીને પદ, પ્રતિષ્ઠા નો ઉપયોગ આડંબર કર્યા વગર સેવાનો ભેખ ધારણ કરનાર વ્યક્તિ જ સેવાના સીમાડાઓ વિકસાવી શકે અને નિષ્કામ સેવા જ કર્મયોગની ચાવી છે.

પરમ પવિત્ર આદર્શના પાયા પર જ, નિઃસ્વાર્થ સેવાના સથવારે જ જીવન બાગને મહેંકાવી શકાય. સેવાની શાનને વિકસિત કરવા માટે સેવાના શિખરને નમ્રતાના, નૈતિકતાના કળશથી શણગારીએ. સંવેદનશીલતા, સહ્રદયતા અને આત્મિય ભાવથી સેવાની સુવાસ ને પ્રસરાવીએ. શુદ્ધ ચારિત્ર અને વિશ્વ બંધુત્વની ભાવના સેવકના શણગાર છે.

ૐમાૐ

# શાસ્ત્ર

પૂજ્યશ્રીનો સંદેશ,

શાસ્ત્રો લૌકિક અને પરલૌકિક જ્ઞાનના ભંડાર છે. વેદો, ઉપનિષદો, ગીત, રામાયણ, મહાભારત જેવા મહાન ગ્રંથોમાં પરમાત્માની પરાવાણી છે. આધ્યાત્મિક આલમમાં વિહરતા મહાન આત્માઓ, મહાપુરૂષો, મુનિઋષિઓ, તપસ્વીઓ એ અગોચર રૂપે પરમાત્માની વાણી સાંભળી છે. યાદ રાખી છે. શબ્દદેહ આપ્યો છે અને સાત્વિક સમાજ નિર્માણ માટે વહેતી કરી છે.

શ્રીકૃષ્ણ ભગવાનની ગીતાનો સંદેશ સંજયજીએ દિવ્ય દ્રષ્ટિથી જોયો, સાંભળ્યો. વેદવ્યાસજીએ આલેખન કર્યું અને માનવતાની મહાન સેવા કરી.

આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન અનુભવતા પ્રેમી, તપસ્વી, સરળ ભક્તો દ્વારા પરમાત્મા તેના પ્યારા બાળકોને સંસ્કાર અને સંસ્કૃતિની, ધર્મ અને આધ્યાત્મિકતાની સાચી સમજ અને માર્ગદર્શન આપે છે.

શાસ્ત્રોમાં આલેખાયેલા, અમૃત વાક્યો, મંત્રો, સંદેશાઓ બ્રહ્મવાણી છે. જે સર્વને, સર્વ સમયે, સર્વ સ્થળે સ્વીકાર્ય છે.

ૐમાૐ

# સખાભાવ

પૂજ્યશ્રીનો સંદેશ,

**"મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે."**

મિત્ર, ભાઈબંધ, સખા, સખી બહેનપણા આ બધા આત્મીય સંબંધો લોહીના સંબંધો કરતાંય વિશેષ હોય છે. સખાભાવ બાંધવા, પાંગરવા, વિકસાવવા માટે અનુકૂળ સ્વભાવ, સંવેદના, શોખ, સરળતા, નિખાલસતા, અન્યોન્ય વિશ્વાસનું વાતાવરણ સર્જાય ત્યારે જ મિત્રાચારીની ગાંઠ મજબૂત બને.

શ્રીકૃષ્ણ સુદામા નો પ્રેમ, સખાભાવ, વિશ્વવંધ્ય છે. પદ, પ્રતિષ્ઠા, જ્ઞાતિ, જાતિ, ઊંચ નીચ, પૈસાદાર, ગરીબાઈ, સુંદરતા-કદરુપતાને સખાભાવમાં સ્થાન નથી. સુખ દુઃખ, શુભ અશુભ પ્રસંગોએ ખભે ખભો મિલાવીને, એકબીજાને મદદ કરવાની તત્પરતા દાખવે ત્યારે જ સખાભાવની સુવાસ પ્રસરાવી શકાય.

ૐમાૐ

# સન્યાસ

પૂજ્યશ્રીનો સંદેશ,

સંન્યાસ એ સંયમની અને ત્યાગની સાધના છે. મન અને ઈન્દ્રિયોનું વિવેકયુક્ત નિયંત્રણ કરી શકાય. વિચારો અને વ્યવહારોમાં સંયમ દાખવી શકે તે જ વ્યક્તિ સંન્યાસ ક્ષેત્રમાં પદાર્પણ કરી શકે.

સાત્વિક વિકાસ, આધ્યાત્મિક ઉન્નતિ અને પરમની પ્રાપ્તિ સ્વ અને સમષ્ટિના શ્રેય માટે જીવનયાત્રાને નિઃસ્વાર્થ સેવાના ક્ષેત્રમાં વહાવી, જીવન વ્યવહારો સીમિત કરવા કર્મયોગી બનવું જરૂરી છે.

સંન્યાસી વ્યક્તિ, સદ્‌ગુણોનો સ્વામી, સરળ, જ્ઞાની, ચારિત્ર્યવાન, સ્થિતપ્રજ્ઞ, તપસ્વી, પવિત્ર અને સત્વગુણી વ્યક્તિ જ સંન્યાસ ને શોભાવી શકે.

સન્યાસ ગ્રહણ કરવા માટે કે સન્યાસી થવા માટે ઘર, સંસાર, વ્યવહાર કે પોતાની ફરજ - ધર્મ છોડવાની જરૂર નથી. કર્મયોગી બનીએ. આત્માને નિયંત્રણમાં રાખવાથી મન ઈદ્રિયોના સંયમ નિયંત્રણ જ ત્યાગના માર્ગને સરળ બનાવી શકશે.

**ૐમાૐ**

# સત્સંગ

પૂજ્યશ્રીનો સંદેશ,

માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે સત્સંગ એક આધ્યાત્મિક પરિબળ છે. આપણા સ્થૂળ, સૂક્ષ્મ અને શરીરની સ્વચ્છતા, સ્વસ્થતા, અને સાત્વિકતા માટે સત્સંગના સરોવરમાં દરરોજ સ્નાન કરવું જરૂરી છે.

સંત સમાગમ, સદ્‌ગુરુનું શરણ, સાનિધ્ય, સ્વાધ્યાય, ભક્તિ, ઉપાસના, પ્રાર્થના, મંત્રજાપ, ધ્યાન વિગેરે વિવિધ આયામોથી સત્યનું, પરમાત્માનું સાનિધ્ય અનુભવવું.

સત્સંગથી સદ્‌ગુણો જેવા કે સાત્વિકતા, સંવેદના, સકારાત્મકતા અને સેવાભાવ વિકસે છે. જીવન પરમમય બનતું જાય છે.

**ૐમાૐ**

# દિવ્ય દ્રષ્ટિ

તા. ૯-૧૨-૧૯૯૭

**દિવ્ય દ્રષ્ટિ એટલે શું?**

**દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ?**

**દિવ્ય દ્રષ્ટિની જરૂર શી છે ?**

ઘણા ભક્તો, ઉપાસકોની એક ઈચ્છા હોય છે કે **"અમને પરમાત્માના પોતાના ઈષ્ટ સ્વરૂપમાં દર્શન કરવા છે."** ઘણા ભાઈ બહેનો મને કહે છે કે, **" તમે અમને માતાજીના દર્શન કરાવો."**

દર્શન કરવાની ઈચ્છા, ભાવના બહુ સારી છે. પ્રયત્ન તો કરવો પડે ને? ખેતરમાં ઈચ્છીત પાક લેવો હોય તો ખેતરનું જરૂરી ખેડાણ કરી ખાતર પાણીથી તેને સભર કરવું પડે. યોગ્ય અને સારું પૌષ્ટિક બિયારણ ખેતરમાં યથા સમયે પધ્ધતિસર વાવવું પડે. પછી તેની યોગ્ય માવજત કરવી પડે. પરમાત્માની કૃપાનુસાર સાનુકૂળ હવા-પાણી અને ઋતુઓની અસર પ્રાપ્ત થાય તો જ સારો ઈચ્છીત પાક પાકે છે અને લણી શકાય છે. જીવન ખેતરમાં દિવ્યતા પ્રાપ્ત કરવા માટે આવો પુરૂષાર્થ કરવો જ પડે ને?

ઈશ્વરની સૃષ્ટિમાં યુગ બદલતા રહે છે. દરેક યુગમાં અન્ય યુગનું અસ્તિત્વ તો હોય છે જ પરંતુ તેનું પ્રાધાન્ય વધતું ઓછું હોય છે.

વૈદિક યુગમાં **મંત્ર શક્તિનું પ્રાધાન્ય હતું.** તે યુગને મંત્ર યુગ કહેવામાં આવતો. આ યુગમા તંત્ર શક્તિ અને યંત્ર શક્તિનું પ્રાધાન્ય ઓછું હતું. અર્વાચીન યુગમાં યંત્ર યુગનું પ્રાધાન્ય વધારે છે. અને મંત્ર શક્તિનું પ્રાધાન્ય ઓછું છે.

મહાભારતમાં યુધ્ધ વખતે સંજયજીને મળેલી દિવ્ય દ્રષ્ટિની વાતનો ગીતામાં નિર્દેશ થયેલો છે. આ દિવ્ય દ્રષ્ટિની શક્તિ સંજયજીની ક્ષમતા પિછાણીને વેદવ્યાસજીએ યુધ્ધના સમય પુરતી તેમને દિવ્ય દ્રષ્ટિ પ્રદાન કરી હતી. કુરૂક્ષેત્રના મેદાનમાં ખેલાતા યુધ્ધની અને કૌરવ-પાંડવોના સૈન્યની પરિસ્થિતિનો આંખે દેખ્યો અહેવાલ તેઓશ્રી ધૃતરાષ્ટ્રજીને મહેલમાં બેઠાં બેઠાં જોઈને વર્ણવી શકતા હતા. મંત્ર શક્તિથી શસ્ત્રોમાં શક્તિ સિંચન કરી શકાતી હતી. મંત્ર શક્તિથી વ્યક્તિ અનેક સ્વરૂપ ધારણ કરી શકતી હતી. ગોચર અગોચરની વસ્તુઓ જોઈ શકાતી, વાતો સાંભળી શકાતી, સંદેશાઓની આપલે થઈ શકતી. મંત્ર યુગમાં તંત્ર અને યંત્રનું અસ્તિત્વ હતું. યંત્રો મંત્ર શક્તિથી ચાલી શકતા, ચલાવી શકાતાં. તંત્ર વિદ્યા આસુરી તત્વોમાં વ્યાપ્ત હતી પરંતુ મંત્ર શક્તિ આગળ તે ટકી શકતી ન હતી.

સાત્વિક સમાજ, ઋષિમુનિઓ, અવતારી પુરૂષોનો એ યુગ હતો.ઘરના સંસ્કારો, ગુરૂનું વિદ્યાદાન, અને સાત્વિક પુરૂષાર્થથી દરેક વ્યકિત મંત્ર સાધનામાં, સાત્વિક જીવન

પ્રણાલિમાં, ઈશ્વર ઉપાસનામાં વ્યસ્ત રહેતી જેને કારણે તેને દિવ્ય શક્તિ, દિવ્ય દ્રષ્ટિ મળી રહેતી. સાત્વિક જીવન પ્રણાલિને કારણે સંતોની, સદ્‌ગુરુની, પરમાત્માની કૃપાશિષ પણ મળી રહેતી. આવી સત્વશીલ, કૃપાશિષ પામેલ વ્યક્તિઓ પોતાની ઈચ્છા શક્તિ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલી દિવ્ય શક્તિનો જનહિતાર્થે વિનિયોગ કરતી. વૈદિકકાળમાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ જેવા હતાં. બન્નેની શક્તિ એક બીજા પર નિર્ભર હતી. તે સમયનો સમાજ વિજ્ઞાનને આધ્યાત્મિકતાના એક ભાગરૂપ જ ગણતો. વેદોમાં વર્ણવેલું બધુજ જ્ઞાન અને વિજ્ઞાન અધ્યાત્મના-ધર્મના મુળભૂત સિધ્ધાંતો પર જ આધારિત છે. સત્વયુગમાં જ્યારે કોઈ ભાષાકિય લિપિ અસ્તિત્વમાં ન હતી ત્યારે ઋષિમુનિઓ ધ્યાનાવસ્થા કે ઉપાસના દરમિયાન પરમાત્મા સાથે ગોષ્ઠિ કરી શકતા, તેમની વાણી સાંભળી શકતા અને જન સમુદાયમાં વહેતી કરતાં. આપણા વેદો એ પરમાત્માએ સ્વયમ્ વર્ણવેલા, કહેલા શાસ્રો છે, જે શ્રુતિ અને સ્મૃતિના રૂપમાં ઋષિમુનિઓ એ સાંભળીને કંઠસ્થ રાખ્યા હતા અને વારસાઈમાં તે જ્ઞાનને વહેતુ રાખ્યું હતું. વેદવ્યાસના જમાનામાં તેઓશ્રીએ વેદોના આ જ્ઞાનને પોતાની દિવ્ય શક્તિ અને ઈશ્વરની કૃપા દ્રષ્ટિથી ભાષામાં નિરૂપણ કર્યું.

અર્વાચીન યુગ એ યાંત્રિક યુગ છે. મંત્ર શક્તિનું પ્રાધાન્ય યંત્ર શક્તિએ લઈ લીધું છે. વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય

છે. આધ્યાત્મવાદ - ધર્મને વિજ્ઞાનથી છૂટું - અલગ ગણવામાં આવે છે. આધ્યાત્મિક શક્તિ કરતાં બુધ્ધિની શક્તિને પ્રાધાન્ય આપવામાં આવે છે. અંતરનો અવાજ ધૂંધળો બનતો જાય છે. ઈશ્વરનું અસ્તિત્વ કે તેની શક્તિ વિષે શંકા સેવાય છે. વિજ્ઞાનની શોધખોળો એ કશું જ નવું નથી. ઈશ્વરની સૃષ્ટિમાં અસ્તિત્વમાં રહેલી જ વસ્તુઓ અને સિધ્ધાંતો છે, હકીકતો છે. જે સમયના પડળમાં દબાઈ ગઈ કે લુપ્ત થઈ ગઈ હતી. તેને વિજ્ઞાનના અખતરાઓ-પ્રયોગો દ્વારા શોધી કાઢવામાં આવ્યા. “RESEARCH” નો અર્થ જ “ફરીથી શોધવું” એવો થાય છે. આધુનિક વિજ્ઞાન ફક્ત સૃષ્ટિમાં વિલસતી, ઉપસ્થિત વસ્તુઓ અને હકીકતો ને શોધી કાઢે છે. નવો ચળકાટ આપે છે. અને નવા નામાભિધાન અને ઉપયોગ સાથે જગત સમક્ષ મૂકી ગૌરવ અનુભવે છે. આપણી ખોવાઈ ગયેલ વસ્તુ મહેનતને અંતે આપણને મળે ત્યારે આપણને કેવો આનંદ થાય છે! વૈજ્ઞાનિકોને પણ ખોવાઈ ગયેલા, વિસરાઈ ગયેલાં કે લુપ્ત થઈ ગયેલાં પરમની સૃષ્ટિના રહસ્યને શોધી કાઢીને આવો જ આનંદ અને સંતોષ થતો હશે.

વિજ્ઞાનની શોધ જગતને જરૂર ઉપયોગી છે. પરંતુ જો તેનો જનહિતાર્થે, વિકાસના પંથે ઉપયોગ થાય તો! વિનાશક શોધો આસુરી સૃષ્ટિને વધારે છે. અને સમાજ ને તેમજ વિશ્વને આસુરી - વિનાશના માર્ગે ધકેલાતી જાય છે. યંત્ર યુગમાં માનવી

રીમોટ કંટ્રોલથી કે વીજળીની ચાંપ દબાવીને તેના બેઠક ખંડમાં આનંદ કરતાં કે શયન ખંડમાં આરામ કરતાં કરતાં દુનિયા કે ઉપગ્રહોના દ્રશ્યો નિહાળી શકે છે. વાતો સાંભળી શકે છે. સંદેશાઓની આપલે કરી શકે છે. ટેલિવિઝન, ટેલિફોન, રેડિયો, કોમ્પ્યુટર વિગેરે યંત્રોમાં વિદ્યુત શક્તિ પ્રવાહિત થાય કે તરત જ આ યંત્રો કાર્યાન્વિત થાય છે. વિશિષ્ઠ વ્યક્તિઓના જ્ઞાનનો ઉપયોગ સામાન્ય વ્યક્તિ વિત્ત કે વગના જોરે કરી શકે છે, માણી શકે છે. વિશિષ્ટ વ્યક્તિઓને અથવા તેમના જ્ઞાનને ખરીદી પણ શકે છે.

યંત્ર યુગમાં ભૌતિક સુખ સગવડની એષણાએ માણસને અસાત્વિક પુરૂષાર્થમાં ધકેલી દીધો છે. વૈદિક યુગના સાત્વિક ગુણો, દૈવી વૃત્તિઓ, સુસંસ્કારો વિસરાતા જાય છે. તેનો લોપ થતો જાય છે. યંત્ર યુગમાં મનુષ્યનું સમસ્ત અસ્તિત્વ યાંત્રિક અને ભૌતિકતાવાદી બનતું જાય છે. ભૌતિક સુખ સગવડોને કારણે મનુષ્ય એશઆરામી, પ્રમાદી, આળસુ બનતો ગયો. ષડ્વૃત્તિઓનું આવરણ, જોર વધતું ગયું. અસંસ્કારિતા વધવા માંડી  જેથી સમાજ વ્યવસ્થા કથળવા માંડી. કુટુંબ પ્રેમ વ્યવસ્થા તૂટવા માંડી. ભૌતિક સુખસહ્યબીના સાધનો હોવા છતાં મનુષ્યના માનસિક સુખ શાંતિ હણાઈ ગયાં અને સુખ શાંતિની શોધમાં તે હવાતિયાં મારવા લાગ્યો. આખરે હારી થાકીને આવી અશાંતિની પળોમાં સત્સંગ, સંતસમાગમ, સદ્ગુરુનું માર્ગદર્શન

શોધવા તે મથે છે. આધ્યાત્મિકતા તરફ તે વળે છે. પરમાત્માની શોધ માટે  પહેચાન માટે તે પ્રયત્નશીલ બને છે. શ્રધ્ધા શરણાગતિની પગદંડી શોધવા અને તે પથ પર ચાલવા તે સંતનું, સદ્‌ગુરુનું માર્ગદર્શન મેળવે છે. આધ્યાત્મિકતાની, ઈશ્વરની વાતો તેના બુધ્ધિ પ્રદેશની બહારની લાગતી હોવા છતાં તેમાંથી શાંતિનો અનુભવ થતો હોવાથી તેમાં તે રૂચિ દાખવે છે, રસ લે છે. ધ્યાન, મંત્રજાપ, સત્સંગ, સંતસમાગમ અને સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળ તે સાત્વિક કાર્યોમાં સાત્વિક આચરણમાં પ્રવૃત્ત બને છે.

સંતોને થતા ઈશ્વરીય, આધ્યાત્મિક અનુભવો અને પ્રાપ્ત થયેલ વિશિષ્ટ સાત્વિક શક્તિઓથી તે અંજાઈ જાય છે, હેબતાઈ જાય છે. ઈશ્વરને દ્રષ્ટિ ગોચર કરવાની તેને અભિપ્સા જાગે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તે પ્રયત્નશીલ બને છે, પુરૂષાર્થ આદરે છે. દિવ્ય શક્તિ અને દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરવાની તેને ઈચ્છા થાય છે.

દિવ્ય દ્રષ્ટિ કેવી રીતે અને ક્યારે પ્રાપ્ત થાય?

દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પોતાનો જીવન વ્યવહાર અને સમસ્ત અસ્તિત્વ સાત્વિક બાનવવું જોઈએ.  દૈવી ગુણોને આત્મસાત્ કરવા પડે. મન, વચન અને કર્મની ઐક્યતા કેળવવી પડે. ષડ્‌વૃત્તિઓ - કામ, ક્રોધ, લોભ, મોહ મદ, મત્સરને નિયંત્રણમાં રાખવા પડે, માનવતા ને મહેંકાવવી પડે,

માનવતા વ્રતનું આચરણ કરવું પડે. નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત કરવા પડે. જીવન યોગી જેવું નિર્દોષ, આસક્તિ રહિત, સાત્વિક બનાવવું પડે. એક વખત સાત્વિક જીવન જીવવાની આદત પડી જાય એટલે દિવ્યતા અસ્તિત્વમાંથી નિખરવા માંડે. શરીરની ફરતે તેજોવલય-પ્રકાશની આભા છવાયેલી રહે, શરીરની પ્રત્યેક ઈન્દ્રિય સાત્વિકતાથી સભર બની જાય. આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન સંધાઈ જાય. પરમાત્માની કૃપાશિષના અધિકારી બની જવાય. પરમાત્માના પ્યારા સંતો, મહાપુરૂષોની સાથે આત્મિયતા કેળવાય. તેમની વિશિષ્ટ શક્તિઓનો વિનિયોગ થાય. શરીરની દરેક ઈન્દ્રિયોની શક્તિ દિવ્યતા ધારણ કરી શકે.

આવી દિવ્ય શક્તિથી દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થાય. ગોચર અગોચરમાં કોઈપણ વસ્તુ કે હકીકત જાણી શકાય, દેખી શકાય. પોતાના ઈષ્ટદેવના દર્શન થાય. આવી વિશિષ્ટ શક્તિ વૈશ્વિક હિતમાં, જનહિતાર્થે જ વાપરવી જોઈએ.

યંત્રયુગમાં અર્વાચીન જગતમાં આજે પણ સાત્વિક આત્માઓ, પ્રભુના પ્યારા ફિરસ્તાઓ, અવતારી પુરૂષો છે અને જનહિતાર્થે નિઃસ્વાર્થભાવે જન સેવા કરતા રહે છે. તેઓ પરમાત્મા સાથે સતત અનુસંધાનમાં રહે છે. પરમતત્વની ગોચર અને અગોચર સૃષ્ટિને પોતાની દિવ્ય દ્રષ્ટિથી નિહાળી શકે છે.

આવ જા કરી શકે છે.

પરમાત્માએ પોતાના આનંદ માટે સૃષ્ટિનું નિર્માણ કર્યુ છે. જેથી તેની રૂચિ અને જરૂરિયાત અનુસાર તેના ફિરસ્તાઓને તે સૃષ્ટિમાં મોકલી, સાત્વિક સૃષ્ટિના નિર્માણનું કાર્ય કરાવે છે. યંત્ર યુગમાં સામાન્ય વ્યક્તિને દિવ્ય દ્રષ્ટિ, દિવ્ય શક્તિ પ્રાપ્ત ના થઈ શકે?

દિવ્ય દ્રષ્ટિ અને દિવ્ય શક્તિ મેળવવાનો સૌને અધિકાર છે. પરમાત્માની દ્રષ્ટિમાં કોઈ મનુષ્ય સામાન્ય કે અસામાન્ય નથી. આપણો પુરૂષાર્થ અસામાન્ય હોવો જોઈએ. આપણું જીવન અને જીવનની દરેક પ્રવૃત્તિમાં પરમાત્માને સાક્ષીભાવ રાખીને, પ્રભુ પ્રિત્યર્થે કાર્ય કરીએ. સર્વત્ર પરમાત્માની ઉપસ્થિતિ - હાજરીનો ખ્યાલ રાખીને, દરેકમાં પ્રભુનો વાસ છે એવો મનોભાવ કેળવવામાં આવે તો આપણામાં દિવ્ય દ્રષ્ટિ અને દિવ્ય શક્તિ સંક્રાન્ત થઈ જાય.

**ૐમાૐ**

# નિજાનંદ

**નિજાનંદમાં શો રસ, માણ્યા વગર શી રીતે જાણે?**
**અરે ? એમાં મસ્તી શું છે. મસ્તી કરનાર જાણે.**
**નિજાનંદના સ્વાદ ન ચાખ્યાં, એ શી રીતે જાણે?**
**અરે? નિજાનંદમાં ભર્યું શું છે. અનુભવ્યું હોય તે જાણે.**

નિજાનંદનો જેમને કોઈ અનુભવ નથી, કોઈ જાણકારી નથી, જેમણે એનો સ્વાદ માણ્યો નથી તે નિજાનંદને કેવી રીતે સમજી શકે? નિજાનંદ શું છે એ તો જેમણે અનુભવ કર્યો હોય તે સમજી શકે, માણી શકે ને સમજાવી શકે.

આજે હું આપને આ નિજાનંદ શું છે ? તે કેવી રીતે પ્રાપ્ત થાય, નિજાનંદ મેળવવા માટે શું કરવું જોઈએ. તે વિષે હું મારા સ્વાનુભવના આધારે સમજાવવા પ્રયત્ન કરીશ.

નિજાનંદ આધ્યાત્મિકતાની સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ અવસ્થા છે. આ પ્રાપ્ત કરવા માટે કોઈ જાદુઈ લાકડી કે કોઈ રેસીપી કે કોઈ પધ્ધતિ નથી કે, જેના દ્વારા વ્યક્તિ નિજાનંદને પામી શકે. નિજાનંદ એ તો વ્યક્તિના જીવન, સંસાર અને આધ્યાત્મિકતાની અમૂલ્ય ને વિરલ પ્રાપ્તિ છે, સફળતા છે. નિજાનંદ પ્રાપ્ત કરવાની તીવ્ર ઉત્કંઠા ધરાવનારે જાતે જ પોતાના અંતર-મનના ઊંડાણને ખંખેરીને તેની ભૂમિકા બાંધવાની છે. અંતર મન જ જો ખાલીખમ હોય તો તમે મન સાથે શું વાત

કરવાના? તેથી જ ભક્તિ અને આધ્યાત્મના પથ પર પગલાં માંડીને આંતરમનને સબુર કર્યું હોય તો જ તેની સાથે ગોષ્ઠિ કરી શકો, અન્યથા નહિ.

ઉપર કહ્યા મુજબ નિજાનંદ એ વ્યકિતના જીવન, સંસારને આધ્યાત્મિકતાની પ્રાપ્તિ છે. મેં નિજાનંદને આધ્યાત્મિકતાની અવસ્થા કહી એટલે તમને થશે કે, આધ્યાત્મિકતાની પ્રાપ્તિ બરાબર છે પણ જીવન ને સંસારની પ્રાપ્તિ કઈ રીતે?

માનવીના જીવનમાં - સંસારમાં સરળતા નથી, સુખ નથી, શાંતિ નથી, પોતાના કે બીજાના અવગુણો-દુર્ગુણોને કારણે પોતાની કે બીજાની ભૂલોને કારણે માનવી ના જીવન-સંસારમાં સુખ , શાંતિ ને સરળતા આવતી નથી. તે દુઃખ, અશાંતિ કે માત્ર નિષ્ફળતા - પ્રતિકૂળતાનો જ નહિ, નર્યા અંધકારનો પણ અનુભવ કરે છે. પૂર્વના પૂણ્ય ના પ્રતાપે કરીને તે પરમતત્વની, પોતાની ઈષ્ટની શરણાગતિ સ્વીકારી લે છે. તેનું સ્મરણ કરે છે. તેના ચરણોમાં નિવેદન કરે છે. આમ કરતાં કરતાં તે થોડી અનુકૂળતા, થોડી પ્રતિકૂળતા, સફળતા - નિષ્ફળતા ભરેલા સમ - વિષમ કે વિષાદી - વિવાદી વાતાવરણમાં, જીવન-સંસારમાં ફંગોળાતા ફંગોળાતા આગળ વધ્યા કરે છે. ઘડીક ડૂબવા લાગે છે, ઘડીક આશા, ઘડીક હતાશા, ઘડીક નિર્બળતા, ઘડીક શક્તિનો સંચાર તો ઘડીક સ્મરણ, ઘડીક શરણને, ઘડીક શ્રધ્ધાની પળોમાં લહેરખીઓમાં વહેતો રહે છે. પણ ઈષ્ટનું,

પરમતત્વનું શરણ, સ્મરણ એક અદીઠ શક્તિ સદાય એક ફેણધારી નાગની જેમ તેની પાછળ પાછળ ચાલ્યા કરે છે ને તેનામાં જીવન શક્તિનું સિંચન થતું રહે છે. પરમતત્વના સ્મરણ ને સાતત્યમાંથી તે દિવ્ય પ્રેરણા અને શક્તિ મેળવતો રહે છે. જિંદગીની જ પ્રતિકૂળ - નિષ્ફળ - દુઃખદ - અશાંત ક્ષણો પૂરી થઈ ગયા પછી જે શાંતિ, આનંદ, સુખ, સફળતા કે સરળતાનો અનુભવ કરે છે, તેમાંજ તે પરમતત્વની શક્તિના, કૃપાના, સહાયના જ નહિ તેની લીલાના, તેની દિવ્યતાના દર્શન કરે છે. ને અંતરમાં- અસ્તિત્વમાં પરમાત્મા માટે જે ભાવ, જે પ્રેમ અનુભવાય છે તે ભાવ, એ પ્રેમ તે જ નિજાનંદ. પરમતત્વના ચરણ- શરણ - સ્મરણમાં જીવન - સંસારની પ્રતિકૂળતા - અનુકૂળતા - સફળતા, નિષ્ફળતા, સુખ- દુઃખ, શાંતિ- અશાંતિ, આનંદ- વિષાદની ક્ષણોની જે ગોષ્ઠિઓ માંડશો, જીવન સંસારને આધ્યાત્મિકતાનું જે સરવૈયું કાઢશો તેમાંથી જ નિજાનંદ પ્રાપ્તિ થશે.

આ ગોષ્ઠિમાંથી જ જીવન - સંસારના લક્ષ વિષે,ગતિ વિષે, ગંતવ્ય વિષે, ધ્યેય વિષે, યથોચિત્ત યથાતથ માર્ગદર્શન અંદરથી જ મળશે. જેના આધારે જીવન - સંસારનો આધ્યાત્મિકતા ગતિ કરશે. આમ કરતાં કરતાં જિંદગીની જ્યારે એક દિશા મળી જશે ત્યારે એ તરફ ગતિ કરતાં વાર નહિં લાગે. ગતિ વેગીલી બનતા જ નિજાનંદમાં આપ સ્વયમ જ ડૂબી જશો.

પરંતુ એ માટે તો તમારે આત્મદર્શન કરવું પડે, આત્મનિરીક્ષણ કરવું પડે, આત્મપૃથ્થકરણ કરવું પડે, સત્યનું આચરણ કરવું પડે, દુઃખીઓના આંસુ લુછવાં પડે, કોઈક પ્રત્યે સહાનુભૂતિ દાખવવી પડે, સાથ - સહકાર આપવો પડે, ક્યારેક કોઈકની સાથે હસવું પડે, સુખી થવું પડે, દોડવું પડે, પડેલા પ્રત્યે અનુકંપા દેખાડવી પડે, પરમતત્વને વિનવવા પડે, ઓળખવા પડે, યાદ કરવા પડે અને એમ કરતાં કરતાં જે અખિલાઈઓનો અનુભવ થાય તેજ **નિજાનંદ** તરફ લઈ જાય છે. જીવન - સંસારને આધ્યાત્મિકતાનું ખંડ દર્શન નહિ પણ સમગ્ર અખંડ દર્શન, જાતે કરેલું મેળવેલું દર્શન જ નિજાનંદ તરફ દોરી જાય છે.

આમ મન સાથે, આત્મા સાથે, પરમતત્વ સાથે ગોષ્ઠિ કરો, સત્યનું દર્શન થશે, સમર્થન મળશે અને તેને જીવનની વાટમાં, સંસારના સમુદ્રમાં તે પરમતત્વની અલૌકિકતા ને દિવ્યતા ભણી દોડ્યા જશો. આગળ વધતા જશો, દર્શન મેળવતા જશો ને જે આનંદ, જે સ્નેહ અનુભવશો, જે શક્તિ અનુભવશો તે જ નિજાનંદ.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, મીરાંબાઈ, નરસિંહ મહેતા જેવા સાધકોએ નિજાનંદના મીઠા ઘુંટડા પીને આધ્યાત્મ માર્ગના ઉત્તુંગ શિખર સર કર્યા હતા. ભૌતિક સુખ ઈન્દ્રિઓને સુખ આપે છે. સ્થૂળ આનંદ કરાવે છે. પણ નિજાનંદ ઈન્દ્રિયાતીત, વર્ણનાતીત છે. કેવળ અનુભવ

ગમ્ય છે ને શાશ્વત આનંદ અને સુખ આપનારો છે. જીવન સંસાર ને આધ્યાત્મિકતામાંથી સૂક્ષ્મ આનંદ મેળવો, સૂક્ષ્મતાને સમજો તો જ નિજાનંદ મેળવી શકશો, અન્યથા કદાપિ નહિં.

જીવન-સંસારમાંથી ભૌતિકતાનો સ્થૂળતાનો પરિહાર કરો, જીવન સંસારના સુખ માટે ભૌતિકતા સ્થૂળતાનો સ્વીકાર બરાબર છે. પણ એ સુખ મેળવ્યા પછી જીવન સંસારની સૂક્ષ્મતાને સમજવાનો પ્રયાસ શરૂ કરો, અને પછી શું થાય તે જુઓ અને અનુભવો.

જીવનના સંસારના અનુભવો, અશાંતિ, દુઃખ, પ્રતિકૂળતા દૂર થઈ ગયા પછી પણ પરમત્ત્વની શરણાગતિને, શ્રધ્ધાને, સ્મરણને, વધુ ને વધુ બુલન્દ બનાવવાનો પ્રયત્ન કરો અને સાથે સાથે પરમતત્વની દિવ્યતા, ભવ્યતા, અલૌકિકતા-વ્યાપકતાનો, વિરાટતાનો, સૂક્ષ્મતાનો સમજવાનો આત્મસાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરો. એમાં લીન બની ડૂબી જાઓ અને તમારા સમસ્ત અસ્તિત્વને એમાં એકાકાર કરી દેશો તો જ નિજાનંદ પ્રાપ્ત થશે.

**પરંતુ પરમતત્વમાં અસ્તિત્વ એકાકાર ક્યારે થાય ? ક્યારે થઈ શકે ?**

મારી દ્રષ્ટિએ નિજાનંદ પ્રાપ્ત કરવા સૌ પ્રથમ પરમત્વની તમારા ઈષ્ટની શરણાગતિ સ્વીકારો, શ્રધ્ધાપૂર્વક શુદ્ધ અને સાત્વિક બુધ્ધિથી તેની ઉપાસના કરો, મારા નવ સૂત્રોનું પાલન

કરો. તમારી અંદર ડૂબકી મારો. તમારા જ જીવનના બનાવોનું, સંજોગોનું વિશ્લેષણ કરો, તારણ કાઢો, આત્મપૃથ્થકરણ કરો. તમારા જીવનનું લક્ષ તમે જાતે જ નક્કી કરો અને એ તરફ ડગ ઉપાડો. તમને પ્રકાશ મળશે જ. જે મળે તેનાથી મન, ઈન્દ્રિયો, વૃત્તિઓ, પ્રવૃત્તિઓ સંયમિત-નિયંત્રિત કરો. તમારું સમસ્ત અસ્તિત્વ તેમના ચિંતનમાં ડૂબાડી દો. આ સમગ્ર ભૌતિક, આધ્યાત્મિક ચિંતનમાંથી પ્રાપ્ત થતું તારણ આત્મ પ્રતીતિ, જીવન ધ્યેયની સ્પષ્ટતા, અંદરનો ઉઘાડ, ભાવના ઉદ્ભવમાં મનથી અંદર સરી પડશો ને એમાંથી નીપજતો આ લૌકિક-ભૌતિક જગત સાથેની, જગત પ્રત્યેની, જીવન અને સંસાર પ્રત્યેની તમારી વૃત્તિઓ પ્રવૃત્તિઓ સાથેની જે તે ક્ષણો સાથે તમે નિર્લેપ, વિમુખ, અળગા થઈ જશો એ જ વિમુખતા, અલગતા. તમે તમારી જાતને પણ ભૂલી જશો. તમારા સંજોગો ને તમારા સમયને પણ ભૂલી જશો ને અંદર ઉતરી ને લીન બની જશો. ને જે આનંદ પ્રાપ્ત થાય તે નિજાનંદ.

બાહ્ય જગતની તમામ વૃત્તિઓ - પળોજણોમાંથી આંતર-બાહ્ય સમગ્ર રીતે વિસ્મૃત થઈ જાઓ, એ બધાથી પર થઈ જાઓ, જેને પરિણામે ચિત્ત કેવળ તત્વમાં તદાકાર થઈ જાય છે. ત્યારે નિજાનંદ થાય છે.

નિજાનંદનો આવો સ્વાદ ચાખ્યા પછી બીજા બધા સ્વાદ ફીક્કા લાગે છે. નિજાનંદને તેની અલૌકિક અનુભૂતિ તમારી

પાસેથી કોઈ છીનવી શકશે નહિં. કારણ કે નિજાનંદ એ વ્યકિતની- સાધકની પોતીકી અનુભૂતિ છે. પ્રાપ્તિ છે. તેમાં કેવળ  તે સ્વંય એકલો જ રમમાણ રહે છે. પણ તેના સંપર્કમાં આવતી વ્યક્તિને જો તે વ્યક્તિ ભાવાત્મ રીતે શુધ્ધ, સાત્વિક ને પવિત્ર હોય તો આનંદનો, શાંતિનો, આત્મિયતાનો અહેસાસ કરાવી શકે છે ખરો.

આમ નિજાનંદ એ વિશ્વબંધુત્વની ભાવનાને ચરિતાર્થ કરવામાં વિશેષ જરૂરી છે.

નિજાનંદ એ કોઈ કોઈ વિભૂતિઓને મળતી અમુલ્ય ભેટ છે. તે મેળવવા માટે તીવ્ર ઈચ્છા, પ્રબળ પૂરુષાર્થ ને સૌથી વધુ પરમતત્વની કૃપા જરૂર છે. પરમતત્વની  કૃપા હોય તો જ તમે તેની સાથે તદાકરતાનો અનુભવ મેળવી શકો. એવી કૃપા મેળવવામાં તો જીવન સાથે, સંસાર સાથે, મન સાથે, સંજોગ સાથે, પોતાની જાત સાથે સતત ને સતત સંઘર્ષ કરવો પડે છે. પરમતત્ત્વ પ્રત્યેની શ્રધ્ધા, શરણાગતિ ને સ્મરણના સાતત્ય ને જાળવવા સતત સંઘર્ષ  ને પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. આ સંઘર્ષનો પુરુષાર્થ આંતરભાવ પર મનોભાવ પર આધારિત છે. આવા સંઘર્ષને પુરુષાર્થને અંતે પરમતત્વની કૃપા મળે છે. તે કૃપા મળતા જ નિજાનંદની મસ્તીમાં વ્યક્તિ, સાધક આખો ને આખો ડૂબી જાય છે ને જીવન પર્યંત તે તેમાંથી બહાર આવવાનું નામ લેતો નથી.  જો કે આ બાબત ઘણી વિરલ છે કારણકે ઘણી વાર

આવા સંઘર્ષને પૂરુષાર્થમાં જ વ્યક્તિ કે સાધક પાછી પાની કરી નાખે છે. જીવન સંસારના આધ્યાત્મિક પથ પર વ્યક્તિ, સાધક પાછી પાની નહિ કરી બેસે તેથી જ સ્વજનોએ, સ્નેહીઓએ, મિત્રોએ, તેના સંપર્કમાં આવતી તમામ વ્યકિતઓને એકમેકને સાથ અને સહકાર આપવો જરૂરી છે. આત્મિયતા દાખવવી જરૂરી છે. જેથી તેને હિંમત રહે, ધીરજ બંધાય, અને તે આગળ ચાલવા શક્તિમાન બને, આગળ વધવાની તેને મનોશક્તિ મળે. કોઈકની મનોશક્તિ, આત્મબળ પ્રદીપ્ત કરવાનું, ખીલવવાનું કાર્ય તે જ માનવતા. તે જ માનવાવ્રત. એકવાર નિજાનંદની આ કે આવી ચાવી હાથ લાગ્યા પછી તે તમારા અંતરમનનો મૂળભૂત અને અવિભાજ્ય ભાગ બની જાય છે. પછી તે નિજાનંદના સ્વયંભૂ નિરંતર આનંદલક્ષી મનમંદીરમાં દિવ્ય રણકાર કરતી રહે છે.

આવા સતત સંઘર્ષના અંતે મનની એકાગ્રતા સધાય છે ને તેથી મારી દ્રષ્ટિએ મનની એકાગ્રતા તપ છે. મન એકવાર જીવન સંસારની સૂક્ષ્મતામાં - પરમતત્વની દિવ્યતા, ભવ્યતામાં અને અલૌકિકતામાં એકાગ્ર થઈ ગયું છે કે તે આત્માનો વિકાસ કરવા લાગે છે. આત્મવિકાસ એ મનની વિશાળતા છે. આત્માનો વિકાસ કરવો તે મનની વિશાળતા સાધવી એ પરમ તપ છે. આ વાત જો ધ્યાનમાં રહેશે તો અન્ય પ્રત્યે સમભાવ રહેશે અને બીજાની સાથેના વ્યવહારમાં સમતા રહેશે.

જ્ઞાન અને ભક્તિનું ફળ સર્વોત્તમ ભાવ અને આનંદ છે. સર્વમાં એક આત્મા રહેલો છે અને એ આત્મામાં પરમાત્મા બેઠેલો છે. એનું ભાન થવું એ જ્ઞાન છે. અને ભક્તિ ઉપાસના સ્મરણ કરતાં કરતાં સદા આનંદમાં રહેવું એ ભક્તિનું ફળ છે. વિષાદ ભક્તિને, ભક્તની શક્તિને ઝીલી શકવા શક્તિમાન નથી. વિષાદની ક્ષણોમાં ભક્તિ અને ભક્તની શક્તિ ક્ષીણ થાય છે, ખંડિત થાય છે, અવરોધાય છે. આ બાબત ઉચિત નથી. માટે જીવનમાં  સંસારમાં ગમે તે વાતાવરણ હોય, ગમે તે પરિસ્થતિ હોય, બસ આનંદમાં રહો. વિષમ વિષાદી વાતાવરણ, પરિસ્થિતિમાં પણ તમારો આનંદ વાતાવરણની કલુષિતતાને, પરિસ્થિતિની વિકટતાને દુર કરશે એને પરમાત્માની કૃપા સહાય મળશે, કરૂણા મળશે. અને તે તેની લીલા આદરી ને પોતાની પરમ શક્તિ વાપરી ને વાતાવરણની, પરિસ્થિતિની નિકટતા ને દૂર કરી દેશે. આનંદ એ આત્માનો સ્વભાવ છે. સાચે આનંદ એ આત્માનો જ છે જે શ્રેષ્ઠ છે એ શ્રેષ્ઠતાને આંબતા  રહેવું એ જ માનવ જીવનનું પરમ કર્તવ્ય છે. એ જ રીતે બીજાના જીવનમાં આંનદ થાય. બીજા ને આનંદ આવે તેવું મન, વચન, કર્મથી કાર્ય કરવું એ પરમાત્માની ઘણી મોટી સેવા છે. પરમ શ્રેય છે. જેમ આત્મા અંદર-બહાર બધે જ છે. તેમ પણ આનંદ પણ અંદર-બહાર બધે જ છે. બહારનો આનંદ સ્થૂળ છે. છતાં તેનો પરિહાર ન થવો ઘટે.  અંદરનો આનંદ સૂક્ષ્મ છે. તેને પ્રાપ્ત કરવા,

પ્રગટાવવા સતત પુરુષાર્થ કરતા રહેવું જરૂરી છે.

નિજાનંદની અવસ્થાને સમજવા માટે નવ સૂત્રોનું ઊંડુ અધ્યયન જરૂરી છે. એના ચિંતન થકી તમે આત્મનિરીક્ષણ કરજો. આત્મા પૃથ્થકરણ કરજો. તમે તમારી જાતને, તમારા કાર્યોને, તમારી વાણી, વર્તન, વ્યવહારને તપાસવાનો પ્રયત્ન કરજો. તમને બધા જ જવાબો મળી જશે.

નિજાનંદને પામેલો જીવ પોતાના ભૌતિક, આધ્યાત્મિક કાર્યોમાં ખૂબજ નિખલાસતાથી પોતાની રીતે મસ્ત અને વ્યસ્ત બની રહે છે. એના મુખ પર સદાય સ્મિત, હાસ્ય ને નિખાલસતા, તેના વાણી, વર્તન વ્યવહારમાં ઉમંગ, ઉત્સાહ અને તરવરાટ ડોકાયા કરે છે. ઉછાળા માર્યા કરે છે. કુધ્યા કરે છે, ઝૂમ્યા કરે છે પણ સંસારી જનો એવાની ક્રૂરતાથી હાંસી ઉડાવે છે. ક્યારેક મનસ્વી, અંહકારી કે એવી કોઈ રીતે વખોડી કાઢે છે. કે તેનું હળહળતું અપમાન પણ કરી બેસે છે. કારણકે વખોડનાર વ્યક્તિને પેલાની ભીતરમાં ઉમંગ ઉત્સાહના સર્જાતા તરંગોનો અનુભવ તો શું જાણ સુધ્ધા નથી હોતી. તેથી તેને વખોડે છે. એટલું જ નહી એક યા બીજી રીતે તેના કાર્યોમાં અન્તરાય નાખે છે. આ વલણ ઉચિત નથી, તેથી જ ઈર્ષ્યા અહંકારનો પરિહાર કરવાની વાતને હું બુલંદ બનાવતો રહ્યો છું.

મારી દ્રષ્ટિએ નિજાનંદ આત્મ સાક્ષાત્કારની અવસ્થા છે.

પરમત્વ સાથેનું માનસિક સાયુજ્ય સામીપ્ય છે. નિજના સમસ્ત અસ્તિત્વ પરમ શકિતનો પ્રભાવ, ઓથાર અને છાયા છવાઈ જાય છે. ત્યારે નિજાનંદનો અનુભવ થાય છે. અથવા તેને જ નિજાનંદ કહેવાય છે. અંદરથી સતત ઊંડુ સુખ, શાંતિ, આનંદ, સમૃધ્ધિ, સલામતી સત્યમૂલક આત્મપ્રતીતિનો રણકાર ગૂંજયાં અને ઘોળાયા કરે છે. તન, મન, પ્રાણ, બુધ્ધિ, ચિત્ત સમસ્ત અસ્તિત્વ  અહર્નિશ આનંદમાં મસ્ત ને વ્યસ્ત રહે છે. ભૌતિક જગતની વ્યસ્તતાની ક્ષણોમાં પણ ચિત્તના એક સ્તર પર ભૌતિક કાર્ય ચાલતું રહે છે. બીજા સ્તર પર પરમતત્વનો પરમ ભાવ, સ્નેહ વછૂટતો જ રહે છે. અંતર અંતર્યામી સાથે સતત ગોષ્ઠિ માંડીને તેના ભાવાત્મક સાનિધ્યમાં બેસી જ રહે છે. એ ગોષ્ઠિમાં, એ ભાવાત્મક સાનિધ્યમાં પરમાત્મા સાથે સ્નેહ સ્નેહની સુંવાળપ પણ હોય છે. પરમતત્વની થયેલી અનુભૂતિઓને અહેસાસ અંતરપટ પર નાટકના મંચ પર ભજવાતા દ્રષ્યોની જેમ અનુભૂતિઓની સ્મૃતિ શૃંખલાઓ સતત રણઝણ્યા જ કરે છે ને અસ્તિત્વ તેની વધુ ને વધુ નજીક સરક્યા કરે છે.

એમાં સગુણ- સાકાર -રૂપનું ઐશ્વર્ય પણ હોય છે. તો નિર્ગુણ-નિરાકાર તત્વ સાથેની કેવળ તદાકારતા પણ હોય છે. સમસ્ત અસ્તિત્ત્વ કેવળ પરમ ભાવમાં લીન બની જાય છે. તત્વ સાથે સંમિલન સંધાય છે. સગુણ - નિર્ગુણથી પર કેવળ એક ભાવ, એક પ્રકારનું તાદાત્મ્ય, અદ્રૈત, એકાત્મતા સર્જાય છે.

ભીતરમાં કેવળ સાનુકૂળતા, શાંતિનો અનુભવ થાય છે. ક્યાંક સમસ્યાનું નિરાકરણ પણ મળી જાય છે. સમર્થન પણ મળે છે. દિશા પણ મળે છે. ને અંતર - અસ્તિત્ત્વ એ તત્વ તરફ વેગ પકડે છે. મનની અંતરની અસ્તિત્ત્વની આ એક સૂક્ષ્મ ભાવ અવસ્થા છે. એ કેવળ અનુભવથી ગમ્ય છે. એને સમજાવી કે બતાવી શકાતી નથી.

જેમ સરિતા કે સાગરમાં તરવા પડેલાને નીરની લહેર સરકાવ્યા કરે છે. તેમ પરમતત્વની સ્મૃતિના સાગરમાં ડૂબેલો જીવ, આત્મા પરમના સ્નેહમાં આગળને આગળ સતત સરક્યા કરે છે. એક તત્વ તેને ખેંચ્યા કરે છે. એ તત્વમાં એ પોતાના મનથી, પોતાની સઘળી ચેતનાથી મસ્ત અને વ્યસ્ત બની રહે છે. પોતાના અંતર પટ પર, પોતાની અસ્તિત્વના પટ પર સર્જાયેલી સરિતાના કે સાગરના જળ પટ ઉપર સર્જાતી શાંત, આહ્લાદક, દર્શનીય લહેરોની જેમ અલૌકિક લહેરીઓ સતત ઉદ્ભવ્યા કરે છે.

જેમ હિંચકે ઝૂલતાં ઝૂલતાં એના હિલ્લોળમાંથી નિષ્પન્ન થતી પવનની લહેરીઓ તન, મન, અંતરને શાતા ને આનંદ આપે તેમ એ તત્વ રૂપમાં નિરાકારકતામાં, નિર્ગુણમાં સમસ્ત અસ્તિત્વ લીન બની જાય છે. ને જે આનંદ ને મસ્તીનો અનુભવ થાય છે. તે જ નિજાનંદની મસ્તી ને તે જ નિજાનંદના આનંદની અલકનંદા.

**ૐમાૐ**

## પૂજ્ય શ્રી રાજયોગી નરેન્દ્રજીના
## શબ્દ-પુષ્પની પાંખડીયો

૦૧. કર્મ એવું કરો કે,
માનવતા મહેંકી ઉઠે.

૦૨. સંસર્ગમાં આવતી દરેક વ્યક્તિને
પ્રેમ અને લાગણીથી ભરી દો.

૦૩. જેની આંખમાંથી અમી વરસે તે,
સૌના હૈયામાં વસે.

૦૪. જેની વાણીમાં અમૃત ઝરે,
તેના જીવન બાગમાં,
પુષ્પોનો વરસાદ વરસાય.

૦૫. જેના વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા હોય,
તે સફળતાના સોપાનો પાર કરે.

૦૬. અબોલ વૃક્ષ અર્પે છાંયડો જગતને,
બોલતો માનવી અર્પે કટુતા જગતને.

૦૭. કહેવાય છે કે, મા-બાપના ચરણ કમળમાં
૬૮ તીર્થ સમાયેલ છે, તો
હે બંધુઓ ઉઠો, દોડો,
મફતમાં યાત્રા કરી લો.

૦૮. આ શરીર એક હરતુ ફરતુ મંદિર છે.
એનું જતન સત્ય, પ્રમાણિકતા અને પવિત્રતાથી કરશો તો
ઈશ્વર અવશ્ય આવીને મંદિરમાં બિરાજમાન થશે.

૦૯. બીજાનું દુઃખ જોઈને આસું પાડે તે માનવ,
બીજાના આંસુ પડાવે તે દાનવ
ને બીજાનાં આંસુ લૂછે તે મહામાનવ.

૧૦. ધનતેરસના દિવસે ધન ધોયું,
પણ મનની મલિનતા ધોઈ?

૧૧. કાળી ચૌદશે આંખે અંજન કીધું પણ,
કાળી રીત-રસમોનું ખંડન કીધું?

૧૨. અમાસને પ્રેમથી આવકારો,
જીવનભરનાં માયાજાળના અંધકારને જાકારો આપો.

૧૩. સંસારમાં પરિવાર માનવી પાસે ધન માંગે છે,
જ્યારે પરમતત્વ માનવી પાસે મન માંગે છે.

૧૪. સુખી થવું હોય તો?
જૂનું બધું ભૂલી જાઓ,
માપમાં રહીને માફી આપો,
અને પ્રેમ રસ પીવો ને પીવડાવો.

૧૫. તનનું દર્દ મટાડવા માટે દવા જોઈએ.
પણ ભવસાગર પાર કરવા ભક્તિ જોઈએ.

૧૬. તોલમાપનો કાંટો વસ્તુનું વજન દર્શાવી શકે છે.
પરંતુ તે એ વસ્તુની ગુણવત્તા કેટલી છે તે દર્શાવી શકતું નથી.

૧૭. નયન માનવીને બહારથી નીરખે છે.
તમે જેવા ઊભા છો. એવા દેખાવ છો.
પરંતુ તેની ભીતરના મનને નહિં.

૧૮. જ્યાં રાધા જેવું સમર્પણ હોય,
કૃષ્ણ જેવી પ્રતિભા હોય.
જ્યાં મહાનુભાવોનું મિલન થાય,
ત્યાં લાભપંચમી સર્વદા મુકામ કરે.
ત્યાં રોજ લાભપંચમી થાય.

૧૯. આકાશ સ્વચ્છ હોય છે.
પરંતુ તેને વાદળો ઢાંકી દે છે,
તેવી જ રીતે મનુષ્ય સ્વચ્છ છે પરંતુ,
મોહ માયા રૂપી વાદળો તેને ઢાંકી દે છે.

૨૦. માનવીના જિંદગીના પૈડા અવિરત દોડતા રહે છે.
પણ ક્યારે અટકશે તેની કોને ખબર ?

૨૧. સંબંધો બાંધવા બહુ સહેલા છે.
પણ તેને જિદંગીભર ટકાવી રાખવા બહુ અઘરુ કાર્ય છે.

૨૨. અહ્‌મ માણસનો વિનાશ નોતરે છે.

૨૩. જ્ઞાનીજનો, માન-અપમાનને પ્રાધાન્ય આપતા નથી.

૨૪. સારા અને નરસાનો ભેદ પારખવો,
એ પાણીમાં ફોરા વીણવા જેટલું કઠિન છે.

૨૫. સંસારનો ઘંટ બાંધીને ફરવું,
એના કરતાં ભક્તિ રૂપીનો ઘંટ બાંધીને ફરવું,
એ વધુ સારું.

૨૬. બુધ્ધિથી તમે માણસને છેતરી શકો છો.
પણ તે ઈશ્વરના દરબારમાં હિસાબ ચૂકતે થાય છે.

૨૭. જિદંગીનું ચક્ર ફરતું રહે છે.
એની ચાવી ઈશ્વરના હાથમાં છે.

૨૮. આપણા હાસ્ય હાસ્યમાં ફેર છે.
પહેલું હાસ્ય - મૃદુ હાસ્ય, જે સ્ફટિક જેવું નિર્દોષ હોય છે.
બીજું હાસ્ય - ખંધુ હાસ્ય, જે માણસ પોતે જ સમજે.
બીજો સમજી ના શકે કે કયા હાસ્યથી ખંધુ હસે છે.

૨૯. સુખ મેળવવાની ચાવી.
સાંભળો વધારે, ઓછું બોલો.

૩૦. આ દુનિયાના રંગ મંચ પર ત્રણ "ક" નું મહત્વ વધારે છે.
કીર્તિ, કંચન અને કામિની આ ત્રણનું પ્રભુત્વ પથરાયેલું છે.

૩૧. જગતની અંદર સારા માણસો હેરાન થાય છે.
અને બુરા માણસો જલસા કરે છે.
આમ કેમ ? પણ આની અંદર કર્મનો સિધ્ધાંત આવે છે.

૩૨. કમળનું ફૂલ પાણીમાં કાયમ રહે છે, ૨૪ કલાક, છતાં પાણી તેને સ્પર્શી શકતું નથી. તેવી જ રીતે સંસારમાં મનુષ્યે જળકમળવત રહેવાનો પ્રયત્ન કરવો.

૩૩. ધન, દોલત માનવી ને દાનવ બનાવી દે છે.

૩૪. માણસ કથામાં બેસે છે.
પણ કથા માણસમાં બેસતી નથી.

૩૫. આંબાના વૃક્ષનું ફળ કેરી, એણે નમ્રતાનો ગુણ કેળવ્યો છે.
સંસારીજનો એ ગુણ કેળવી અપનાવે તો ?

૩૬. વાણી, વર્તન અને વ્યવહાર પરથી માનવીનું માપ થઈ શકે છે.

૩૭. ધન જોઈતું હોય તો ધંધો કર,
જ્ઞાન જોઈતું હોય તો સારા સારા પુસ્તકો વાંચ,
કીર્તિ જોઈતી હોય તો સત્કર્મ કર,
ને મુક્તિ જોઈતી હોય તો મંત્ર જાપ કર.

૩૮. ધન આપી દાની તવંગર બને છે.
લોભી સંગ્રહ કરી કંજૂસ બને છે.

૩૯. સીડી બીજાનો ભાર વહન કરીને ઉપર ચડાવે છે,
બીજાને આગળ લઈ જાય છે.
શું માનવી આને અનુસરશે ?

૪૦. સમાજમાં સજ્જન અને દુર્જન કેવી રીતે ઓળખી શકાય કે માપી શકાય.
કે આ સજ્જન છે કે દુર્જન છે ? એનો જવાબ છે
સજ્જન કે દુર્જન તેના કર્મો પરથી ઓળખાઈ જાય.

૪૧. જેની સુવાસ પ્રભુને પણ પ્રેમથી ભરી દે,
તે જ સાચી સુવાસ.

૪૨. સંત પોતાના જ્ઞાનનો સંદેશો એ
પોતાના આચરણથી આપે છે.

૪૩. ગમે તેવા કપરા સંજોગોમાં અડગ રહે એ છે નિષ્ઠા.

૪૪. માણસને શત્રુ કરતાં હિતશત્રુના વધારે ભય હોય છે.

૪૫. બીજાને સલાહ આપતા પહેલા સ્વમૂલ્યાંકન કરવું.

૪૬. તમારા અને મારામાં ફરક એટલો છે કે,
તમે સંસાર સાગરમાં ડૂબકીઓ મારો છો.
જ્યારે હું સંસાર સાગરમાં તરું છું.

૪૭. આધ્યાત્મિક અને સાત્વિક પ્રેમ અતૂટ અને જિંદગીભર ટકી રહે છે.

૪૮. વાણી અને પાણી જાણે એક જ મા ની જણી બે બહેનપણીઓ છે.

૪૯. સમાજમાં મનુષ્યનો લાગણીનો પ્રવાહ ઝાંકળના બિંદુ જેવો છે. સમય બદલાય તેમ બદલાતો જાય છે.

૫૦. સુખ અને દુઃખ ગત જન્મમાં કરેલા કર્મોનું ભાથું છે અને તે ભોગવવું જ રહ્યું, એટલે આ જન્મ માં એવા કર્મ કરો કે, સુખને જ આવકાર મળે.

૫૧. આખું વિશ્વ લક્ષ્મીથી આકર્ષાય છે.
કોઈ તપસ્વી જ તેનાથી બાકાત રહે છે.

૫૨. સાગર હિલોળે ચઢે છે,
ભરતી આવે ઓટ આવે.
માણસમાં યૌવન આવે ત્યારે હિલોળે ચઢે,
શું કરે તેની ખબર ના પડે.
બંન્ને જણ પોતાના માપમાં ન રહે
તો ભયાનક ઝંઝાવાતો સર્જે.

૫૩. વાણીનો સંયમ આપણા જીવનમાં અમૃતમય બની જશે.

૫૪. નિષ્કામ ભાવે સેવા કરો, પ્રભુની કૃપા અવશ્ય મળશે જ.

૫૫. શ્રધ્ધા ન હોવાથી માણસ અંધશ્રધ્ધામાં દોરવાઈ જાય છે.

૫૬. પુરુષાર્થનું એક કદમ ચાલો, રસ્તો આપ મેળે બની જશે.

૫૭. જેના જીવનમાં વિવેક વિનય, વિનમ્રતા હોતા નથી.
તેને સમાજ અળગો રાખે છે.

૫૮. જ્યાં તમને સત્કાર અને પ્રેમ મળે તેનું નામ ઘર.

૫૯. મન, વચન અને કર્મનો જ્યાં ત્રિવેણી સંગમ હોય, ત્યાં રોજ દિવાળી.

૬૦. પ્રભુ માનવી પાસે શું અપેક્ષા રાખે છે?
એનો વિચાર કર્યો છે?

૬૧. પ્રત્યેક વ્યક્તિ જો સુધરી જાય તો સમાજ આપો આપ સુધરી જાય.

૬૨. ઈશ્વરની લાકડીનો આવાજ આવતો નથી અનુભવાય છે.

૬૩. અમીરને નીંદ નથી આવતી, ગરીબને આપો આપ આવી જાય છે.

૬૪. સૌને સરખો ન્યાય કરે, તેનું નામ ઈશ્વર.

૬૫. વાવાઝોડુ વૃક્ષને હચમચાવી નાખશે,
તેનાં મૂળિયાને નહિ.

૬૬. મહાન પુરૂષોને તેમના અનુયાયીઓની ખેંચતાણ સહન કરવી પડે છે.

૬૭. હાથમાં છે માળા, મન સંસારના વિચારોમાં,
માળા યંત્રવત ફરતી રહે.

૬૮. મધમાખી સંપૂર્ણ શરણાગત થઈ જગતને અમૃતમય મધ આપે છે.

૬૯. વનમાં વસંતો મુકામ કરે ત્યારે,
વન નંદનવન બની જાય.

૭૦. ઈશ્વરની પાસે મનુષ્યોની માગણીઓના મહાસાગરો ભરેલા હોય છે.

૭૧. કૂતરું માનવી ને વફાદાર રહે છે.
પણ માનવી માનવ સાથે વફાદાર રહેતો નથી.

૭૨. બીજાની બૂરાઈ ના જુઓ,
ખુદની તપાસ કરો.

૭૩. આજનો વિશ્વ સંદેશ
આપ સર્વેને આવતું નવું વર્ષ નવી ઈચ્છાઓ, નવી આકાંક્ષાઓ, નવા સ્વપ્નો, નવા વિચાર અને નવા સુખ સાથે વધુ ને વધુ આગળ વધો, આવી મારી અભ્યર્થના.

૭૪. શરીરમાં પડેલા ઘા રૂઝાઈ જાય છે.
પણ દિલમાં પડેલા ઘા કદી રૂઝાતા નથી.

૭૫. રાત દિવસ ફરતા રહે,
તેમ માનવીના સુખ દુઃખ ફરતા રહે.

૭૬. માફી માંગવી અને માફ કરવું,

એ એક બીજાનો આદરણીય ગુણ છે.

૭૭. દાન એવી રીતે કરો કે,
જમણા હાથે કરેલું દાન ડાબા હાથને ખબર ન પડે.

૭૮. ઓછું ખાવ વધુ જીવો
જીવવા માટે ખાવાનું છે. ખાવા માટે જીવવાનું નથી

૭૯. સંતોષ એ માનવી નો મોટો સદ્ગુણ છે.

૮૦. સવારમાં ઊઠીને પગ જમીન પર મુકીને ઈશ્વરનું સ્મરણ કરવું.

૮૧. બીજાની ઈર્ષ્યા કરનાર પોતેજ દુઃખી થાય છે.

૮૨. રામ જેવું જીવન જીવો અને કૃષ્ણ જેવું કર્મ કરો.

૮૩. ઉનાળે, ચોમાસે છત્રી ભલી,
શિયાળામાં કપડા ભલા. ઋતુઓની આ છે તાસીર.

૮૪. તન અને મનને તંદુરસ્ત રાખે તે યોગ.

૮૫. તમારા જીવનની વાર્તા એટલે સ્પષ્ટ તમારું રેખાચિત્ર.

૮૬. નારી અને નાણાંને સાચવીને રાખવા.

૮૭. તમારો દુશ્મન એ દુશ્મન નથી પણ, ગત જન્મના તમારા કર્મનું પરિણામ છે.

૮૮. પતિ અને પત્ની એક થઈને રહે તો દુનિયા પર સંસારનું શાંતિથી સામ્રાજ્ય સ્થપાય.

૮૯. પગ આહાર તરફ નહી. (રેસ્ટોરન્ટ) પણ મંદિર તરફ જવા જોઈએ.

૯૦. ન પચે તેવું ખાશો નહીં, અને દેવું થાય તેવું ખર્ચશો નહીં.

૯૧. ભોજન પ્રેમથી કરો પણ ભજન ભાવથી કરો.

૯૨. જીવન જેનું સાદુ એનું નામ સાધુ.

૯૩. સાધુને જાત ન પૂછો પણ તેમાં રહેલા જ્ઞાનને પૂછો.

૯૪. નદી તરવા નાવ જોઈએ, ભૂખ ભાંગવા ભોજન જોઈએ.

૯૫. સિંહની ગર્જનાઓ જંગલમાં મનુષ્યની ગર્જનાઓ સંસારમાં.

૯૬. મીઠા એટલા ના બનો કે લોકો તમને ગળી જાય.

૯૭. આવડે એટલું બોલવું નહી, ને ભાવે એટલું ખાવું નહી.

૯૮. સ્નેહના વર્તુળમાં સ્વાર્થના ખૂણા ના હોય.

૯૯. કળિયુગમાં સાધનો વધશે. પરંતુ સાધના ઘટશે.

૧૦૦. ભગવાનની કૃપા મેળવવી હોય તે માટે ભગવાને ચીંધેલા કાર્યો કરો.

**ૐમાૐ**

ૐમાૐ